ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Dst Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date: 25th April, 2020

પ્રતિ,

તંત્રી શ્રી,

................................., ભાવનગર.

લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ધૂમકેતુ (ખરેખર ઉલ્કા) વિષે સોસીયલ મીડિયાની અફવાઓનું ખંડન : તા.૨૯ એપ્રિલે

**કરોના માસ્ક જેવો આકાર ધરાવતી ઉલ્કા** ચંદ્ર કરતા પણ ૧૬ ગણા વધુ અંતરથી થશે પસાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

જે હેતુ હાલના સમયમાં સોસીયલ મીડિયા પર એક ધૂમકેતુ (ખરેખર ઉલ્કા) વિષે ઘણી ભ્રામકતા ફેલાઈ રહેલ છે, ૨૯ એપ્રિલે આ ધૂમકેતુ પૃથ્વી સાથે અથડાશે, અને પૃથ્વી પર ઘણી તારાજી સર્જશે. તેની હકીકત જણાવતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષીએ જણાવેલ કે હકીકતમાં તે ધૂમકેતુ નથી પરંતુ એક ઉલ્કા છે.

આ ઉલ્કા વર્ષો પહેલા જોવા મળેલ ઉલ્કા C/1844 Y1 નો એક ટુકડો છે. જેના વિષે ૧૯૯૮ માં માહિતી પ્રાપ્ત થયેલ. જેને 52768 (1998 OR2) નામ આપવામાં આવેલ. તા.૨૯ એપ્રિલ, ૨૦૨૦ ના મધ્ય દિવસે **કરોના માસ્ક જેવો આકાર ધરાવતી** આ ઉલ્કા પૃથ્વીથી લગભગ 6290580 કિલોમીટર દુરથી એટલે કે ચંદ્ર કરતા પણ ૧૬ ગણા અંતરથી 31320 Km/કલાક ની ઝડપથી પસાર થવાનો છે. જે આપણા અવકાશમાંથી દિવસના ભાગે કર્ક અને સિંહ રાશીની નજીકથી પસાર થશે. જેની આ રાશીઓ પર કોઈ પણ પ્રકારની અસર થવાની નથી. તેની ઓર્બીટ (ભ્રમણ કક્ષા) પર વૈજ્ઞાનિકો દ્વારા શંશોધનો કરવામાં આવી રહ્યા છે, જેથી આવનારા સમયમાં તેના વિષે વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય. હવે ભવિષ્યમાં ૨૦૭૯ માં તે હાલના અંતર કરતા ૩.૫ ગણ નજીકના અંતરેથી પસાર થશે.

(કોમ્પ્યુટર દ્વારા મુકવામાં આવેલ સહી.)

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.